GJSN020014932023				
	દાખલ તારીખ	૦૫/૦૫/૨૦૨૩		
	રજુ તારીખ	૦૫/૦૫/૨૦૨૩		
	ફેસલ તારીખ	૦૩/૦૮/૨૦૨૬		
	સમયગાળો	દિવસ	માસ	વર્ષ
		૨૯	૦૨	૦૩

સુરેન્દ્રનગરનાં મહે. એડી.સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.સુરેન્દ્રનગર.

રેગ્યુ. દિવાની કેસ નંબર : ૮૫/૨૦૨૩

આંક:

વાદી :– સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા,
ધંધો–બેંકીગ તેમજ નાંણા ધીરધાર,
ખોડુ શાખા, વતી મેનેજરશ્રી શાંતનુ કંડપાલ,
ઉ.વ.૩૦, ધંધો–નોકરી,
રહે.ખોડુ, તા.વઢવાણ, જી.સુરેન્દ્રનગર.

વિરૂધ્ધ

પ્રતિવાદી :– ગણેશભાઈ ઠાકરશીભાઈ કણઝારીયા,
ઉ.વ.આ.૬૫, ધંધો–ખેતી,
રહે.વેળાવદર, તા.વઢવાણ, જી.સુરેન્દ્રનગર.

બાબત :– દાવો રૂ.૨,૮૨,૫૧૯/– પૈસા વસુલ મેળવવા અંગે

વાદી તરફે :: વિ.વ.શ્રી ડી.એમ.જોષી

પ્રતિવાદી તરફે :: વિ.વ.શ્રી વી.ટી.વાઘેલા

–:: જજમેન્ટ ::–

(૧) વાદીની દાવા અરજીની ટુંકમા હકીકત :–

(૧.૧) વાદીના દાવાની હકીકત એવી છે કે, વાદી સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા એકટ સને–૧૯૫૫ હેઠળ રચાયેલ બેંક છે. વાદી બેંકની ભારતમાં જુદા જુદા શહેરોમાં શાખાઓ આવેલ છે અને તે પૈકી વાદી બેંકની એક શાખા ભારત દેશના ગુજરાત રાજયમાં સુરેન્દ્રનગર જીલ્લાના વઢવાણ તાલુકાના ગામ ખોડુ મુકામે આવેલ છે. વાદી બેંકની મુખ્ય ધંધો નાણાં ધીરધાર અને બેંકીગને લગતો છે તેની હેડ ઓફીસ મુંબઈ મુકામે, રીઝીયોનલ ઓફીસ સુરેન્દ્રનગર મુકામે તથા તેની શાખા થાનગઢ મુકામે આવેલ છે.

(૧.૨) આ કામના પ્રતિવાદી વાદી બેંકની શાખાના કાર્યક્ષેત્રમાં આવતા હોવાથી વાદી બેંકના વખતો વખતના નીતી નિયમો મુજબ પ્રતિવાદીએ વાદી બેન્ક પાસેથી ખેતી વિષયક (કે.સી.સી.) ધોરણની તા.૧૧/૦૫/૧૮ નાં રોજ અરજી કરતા તેમની ખેતી વિષયક મર્યાદા નકકી કરેલ છે. પ્રતિવાદીને રકમ રૂા.૨,૬૩,૪૦૦/– સુધીની મર્યાદાનું ધીરાણ વાર્ષિક સેંકડે ૧૧.૪૦ % વ્યાજે આપવામાં આવેલ છે. વાદી બેંક તરફથી પ્રતિવાદીને પાંચ વર્ષના સમયગાળા માટે બેંકના નિયમોને આધીન પ્રથમ વર્ષ માટે રૂા.૧,૭૯,૯૦૦/–, બીજા વર્ષ માટે રૂા.૧,૯૭,૯૦૦/–, ત્રીજા વર્ષ માટે રૂા.૨,૧૭,૭૦૦/–, ચોથા વર્ષ માટે રૂા.૨,૩૯,૪૦૦/–, પાંચમાં વર્ષ માટે રૂા.૨,૬૩,૪૦૦/– ની લીમીટ મંજુર કરવામાં આવેલ હતી. સદરહુ ધીરાણ જો પ્રતિવાદી પ્રથમ વર્ષથી નિયમીત રીતે ધીરાણની વ્યાજ સહીતની રકમ પરત ભરી આપે તો ઉપરોકત વિગતે આગળના વર્ષ માટે ૧૦% જેટલી વધુ રકમની લીમીટ થાય તે રીતે પાંચમાં વર્ષે રૂા.૨,૬૩,૪૦૦/– સુધીની લીમીટનું ધીરાણ સમય મર્યાદામાં પરત ભરપાઈ કરવાની શરતે મંજુર કરવામાં આવેલ છે.

(૧.૩) પ્રતિવાદીએ પોતાની સ્વમાલીકીની ખેતીની જમીન ઉપર બોજા નોંધ માટે તા.૧૧/૦૫/૧૮ નાં રોજ હાઈપોથીકેશન કરાર કરી આપી

સુરેન્દ્રનગર જીલ્લાના વઢવાણ તાલુકાના વેળાવદર ગામે આવેલ ખેડ ખાતા નં.૬૨૮ ની ખેતીની જમીન સર્વે નં.૧૧૧૫, ૧૧૩૯ કુલ ક્ષેત્રફળ હેકટર (૨–૫૬–૩૧) વાળી મિલ્કત ઉપર વાદી બેંકનો બોજો નોંધાવી ચાર્જ ઉભો કરેલ છે તેમજ પ્રતિવાદીએ બેંન્કની તરફેણમાં જરૂરી દસ્તાવેજો કરી આપેલ છે. સદરહું તમામ દસ્તાવેજોનું ગુજરાતીમાં ભાષંતર પ્રતિવાદીને સમજાવવામાં આવેલ છે બાદ પ્રતિવાદીએ દસ્તાવેજોમાં તેમના અંગુઠાનું નિશાન કરી આપેલ છે જે ઓળખાવેલ છે.

(૧.૪) પ્રતિવાદીએ લીધેલ લોનનો ખાતા નં.૫૬૩૦૬૦૩૧૪૯૩ છે. બેંક તરફથી પ્રતિવાદીનું લોન ખાતુ કોમ્પ્યુટર એકાઉન્ટમાં નિભાવવામાં આવે છે. પ્રતિવાદીએ મંજુર થયેલ પાંચમાં વર્ષ માટેની લોનીની રકમ પૈકીની રકમ રૂા.૧,૭૯,૦૦૦/– નો તા.૧૧/૦૫/૧૮ નાં રોજ વ્યવસ્થાપત્રમાં જણાવ્યા મુજબ વાર્ષિક સેંકડે ૧૧.૪૦ % વ્યાજે ઉપાડ કરેલ છે. ધીરાણ અનુસંધાને લોનીએ તા.૦૫/૦૫/૨૧ નાં રોજ રીવાઈવલ લેટર કરી આપેલ છે.

(૧.૫) પ્રતિવાદીએ સમય મર્યાદામાં બેંકની બાકી રકમ ચુકવી આપેલ ન હોવાથી તેઓનું લોન ખાતુ તા.૩૧/૦૫/૨૧ નાં રોજ એન.પી.એ. થયેલ છે. પ્રતિવાદી ડીફોલ્ટર થયેલ હોવાથી બેંક તરફથી પ્રતિવાદીના લોન ખાતે વ્યાજની રકમ રૂા.૬૯,૦૪૬/– પૈસા તથા દંડનીય વ્યાજની રકમ રૂા.૪૨૪૯/– પૈસા જમા આપવામાં આવેલ છે પરંતુ ખરેખર પ્રતિવાદીએ આવી રકમ બેંકમાં જમા કરાવેલ નથી. વાદી બેન્ક તરફથી આ કામના પ્રતિવાદીને બાકી લેણી રકમ ભરપાઈ કરી આપવા માટે અવાર–નવાર મૌખિક તેમજ લેખિતમાં જાણ કરવામાં આવેલ છે. આ કામના પ્રતિવાદીને તા.૦૯/૦૮/૨૧ નાં રોજ બેંકના વકીલશ્રી મારફતે નોટીસ આપેલ છે. સદરહું નોટીસ પ્રતિવાદીને બજી ગયેલ હોવા છતાં નોટીસનો કોઈ જ જવાબ આપેલ નથી તેમજ પ્રતિવાદીએ બેન્કની બાકી લેણી રકમ વસુલ આપેલ નથી. વાદી બેન્કની તા.૨૭/૦૪/૨૩ સુધીની મુદ્દલ રકમ રૂા.૧,૭૦,૪૦૬/– પૈસા તથા વ્યાજ, દંડનીય

વ્યાજ, અન્ય ચાર્જીસ રકમ રૂા.૧,૧૨,૧૧૩/– પૈસા મળી કુલ રકમ રૂા.૨,૮૨,૫૧૯/– પૈસા આ કામના પ્રતિવાદી પાસે બાકી લેણી છે. તેમજ તા.૨૮/૦૪/૨૩ થી ચડત વ્યાજની રકમ પણ બાકી રહે છે. વાદી બેંકની કાયદેસરની બાકી રકમ વસુલ મેળવવા સારુ હાલનો દાવો લાવેલ છે.

(૧.૬) વાદીનું પ્રતિવાદી પાસે કાયદેસરનું લેણુ છે, પ્રતિવાદી પાસેના બાકી નાંણા તે જાહેર નાંણા છે/પબ્લીક મની છે, પ્રતિવાદી લોનની વ્યાજ સહીતની રકમ સમય મર્યાદામાં પરત ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયેલ છે, ડીફોલ્ટર બનેલ છે જેથી કાયદા અને કરાર તેમજ વાદી બેંકને લાગુ પડતા રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાના વખતો વખતના નિયમો મુજબ તેમજ પ્રતિવાદીની કસુરના કારણે લોન ખાતુ અનિયમીત થયેલ હોવાથી વાદી બેંક પ્રતિવાદી પાસેથી લોનની રકમ ઉપર એગ્રીમેન્ટ મુજબ વાર્ષિક સેંકડે ૧૧.૪૦% વ્યાજ તથા તેના પર ૨ % દંડનીય વ્યાજ, અન્ય ચાર્જ વસુલ મેળવવા માટે હકકદાર છે તેમજ પ્રતિવાદી આવી તમામ રકમ વસુલ આપવા માટે જવાબદાર છે.

(૧.૭) લીમીટેશન(સમય મર્યાદા) :- આ કામના પ્રતિવાદીએ તા.૧૧/૦૫/૧૮ નાં રોજ ધીરાણ મેળવેલ છે. આ કામના પ્રતિવાદીએ ધીરાણ અનુસંધાને લોનીએ તા.૦૫/૦૫/૨૧ નાં રોજ રીવાઈવલ લેટર કરી આપી બેંકનું લેણુ નીયમીત કરી આપેલ છે. આમ વાદી બેંકનું પ્રતિવાદી પાસેનું લેણુ નિયમીત (કન્ટીન્યુ) છે. વાદી બેન્ક તરફથી આ કામના પ્રતિવાદી સામે લાવવામાં આવેલ હાલનો દાવો લીમીટેશન એકટના આર્ટીકલ–૧૯ ની જોગવાઈઓ મુજબ છેલ્લા લોન વ્યવહારની તા.૦૫/૦૫/૨૧ થી ત્રણ વર્ષ સુધીમાં પ્રતિવાદી પાસેથી લેણી રકમ વસુલ મેળવવા હકકદાર હોવાથી વાદીનો દાવો સમય મર્યાદામાં યાને મુદતમાં છે.

(૧.૮) દાવાનું કારણ :- આ દાવાનું કારણ આ કામના પ્રતિવાદીએ બેન્ક પાસેથી ધીરાણ મેળવવા સારુ તા.૧૧/૦૫/૧૮ નાં રોજ અરજી પત્રક રજુ કરી લોન મેળવતા સમયે જરૂરી દસ્તાવેજો બેન્કની તરફેણમાં

કરી આપેલ ત્યારે, પ્રતિવાદીએ ધીરાણ અનુસંધાને લોનીએ તા.૦૫/૦૫/૨૧ નાં રોજ રીવાઈવલ લેટર કરી આપેલ ત્યારે, પ્રતિવાદીને તા.૦૯/૦૮/૨૧ નાં રોજ બેકના વકીલશ્રી મારફતે નોટીસ આપેલ ત્યારે ઉત્પન્ન થયેલ છે તેમજ દાવાનું કારણ હાલમાં પણ ચાલુ છે.

(૧.૯) હકુમત :- આ દાવામાં જણાવેલ લોનવાળો વ્યવહાર વાદી બેન્ક અને પ્રતિવાદી વચ્ચે વાદી બેંકની શાખામાં ખોડુ, તા.વઢવાણ મધ્યે નામદાર કોર્ટની હકુમતમાં થયેલ હોય, તેમજ વાદી બેન્કની શાખા તથા પ્રતિવાદી નામદાર કોર્ટની હકુમતમાં આવેલ/રહેતા હોય, તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના નાંણાકીય મર્યાદાના નોટીફીકેશન નં.સી. ૦૨૦૨/૯૨, તા.૧૬/૦૯/૧૯ મુજબ આ દાવાની રકમ રૂા.૨૫,૦૦,૦૦૦/- થી ઓછી છે જેથી આપ નામદાર સાહેબશ્રીની કોર્ટની હકુમતની હોવાથી વાદીનો દાવો ચલાવવા, સાંભળવા તથા ન્યાય નિર્ણિત કરવા આપ નામદાર કોર્ટને સત્તા અને નાંણાકીય અને સ્થાનિક હકુમત છે.

(૧.૧૦) દાવાનો આંક તથા કોર્ટ ફી :-વાદીનો હાલનો દાવો આ કામના પ્રતિવાદી પાસેથી લોન ખાતાઓની કુલ બાકી રકમ રૂા.૨,૮૨,૫૧૯/- પૈસા વસુલ મેળવવા માટેનો હોવાથી દાવાનો આંક તેટલી જ રકમનો આંક બાંધી વાદીના દાવાની રકમ ઉપર ગુજરાત કોર્ટ ફી એકટ-૨૦૦૪ ના શીડયુલ-એ મુજબ દાવાની રકમ અન્વયે દાવો દાખલ કરવા માટે થતી કોર્ટ ફીની રકમ રૂા.૯,૭૫૦/- નો જયુડીશ્યલ કોર્ટ ફી સ્ટેમ્પ રજુ રાખેલ છે.

(૧.૧૧) આ કામના વાદી બેંકની પ્રતિવાદી પાસેની બાકી લેણી રકમ વસુલ મેળવવા સારુ આ દાવો લાવેલ છે. હાલમાં વાદી બેંકમાં મેનેજરશ્રી તરીકે તેમની ફરજ બજાવે છે. વાદી તરફે પ્રતિવાદી પાસેથી બેંકની બાકી લેણી રકમ મેળવવા સારુ કરવાની થતી કાયદેસરની કાર્યવાહી કરવા માટે વાદીને હોદ્દાની રુએ સત્તા અને અધિકાર છે. પ્રતિવાદી સામેનો હાલનો દાવો સાબીત કરવા માટે પ્રતિવાદીના લોન

વ્યવહારના અસલ દસ્તાવેજો બેંકમાંથી મેળવી દાવાના કામે રજુ રાખેલ છે.

(૧.૧૨) વાદીના આ દાવામાં જરૂરી એડ, ઓલ્ટર, ડીલીટ કરવા તથા પક્ષકારો જોડવા, ડીલીટ કરવા વિગેરેનો વાદી બેન્કનો હકક કાયમ રાખે છે. વાદી તરફે આ દાવા સાથે વકીલપત્ર, દસ્તાવેજી પુરાવા લીસ્ટ, સરનામા પુરસીસ, પ્રતિવાદીને આપવાની નકલો, નામદાર કોર્ટને આપવા માટેની નકલો વિગેરે અલગથી રજુ રાખેલ છે.

(૧.૧૩) સબબ આ દાવો કરી દાદ માંગવાની કે :-(એ) વાદી બેન્કની આ કામના પ્રતિવાદી પાસે ખેતી વિષયક કિશાન ક્રેડીટ કાર્ડ (કે.સી.સી.) પાક ધીરાણ લોનની તા.૨૭/૦૪/૨૩ સુધીની બાકી લેણી રહેતી કુલ રકમ રૂા.૨,૮૨,૫૧૯/- પૈસા તથા ત્યારબાદની કન્ટીન્યુ ચડત વ્યાજ સહીતની તમામ રકમ વસુલ થતા સુધી વાર્ષિક સેંકડે ૧૩.૪૦ % નાં ચડત તથા દંડનીય વ્યાજ સાથે પ્રતિવાદીની હરેક પ્રકારની જાત તથા જંગમ, સ્થાવર મિલ્કતોથી વસુલ કરી શકાય તેવુ હુકમનામુ વાદી બેન્કના લાભમાં પ્રતિવાદી વિરુધ્ધ કરી આપવા (બી)વાદીને થયેલ દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી અપાવવા (સી) ન્યાય અને ઇકવીટીના ધોરણે અન્ય જે કાંઇ દાદ મળી શકતી હોય તે અપાવવા અરજ કરેલ છે.

(૨) <u>પ્રતિવાદી તરફે દાવાનો જવાબ :-</u>

(૨.૧) વાદીનાં દાવા અરજી પેરાગ્રાફ નં.(૧.૧) થી પેરાગ્રાફ નં. (૧.૧૩) સુધીમાં જણાવેલી તમામ હકીકતો ખરી નથી તથા કબુલ મંજુર નથી. વાદીનાં દાવાને સમયમર્યાદાનો સ્પષ્ટ બાધ નડે છે. વાદી જે સ્વરૂપનો દાવો લાવીને દાદ માંગવા આવે છે તે વાદીનાં દાવાને સુરેન્દ્રનગર કોર્ટની હકુમતનો બાધ લાગે છે તેથી સદર દાવો વઢવાણ તાલુકાના વેળાવદર ગામની હુકુમત લાગુ પડતી હોય સદર દાવાને વઢવાણ કોર્ટની હકુમત લાગુ પડે છે તેથી સદર સુરેન્દ્રનગર કોર્ટની હકુમત લાગુ પડતી ના હોય, વાદીનો દાવો ચાલવાપાત્ર નથી. વાદીએ

દાવામાં અપૂરતી કોર્ટ ફી સ્ટેમ્પ લગાડેલ હોય. વાદીનાં દાવાની કોઇપણ હકીકતો કબૂલ રાખ્યા સિવાયની તમામ હકીકતોનો સ્પષ્ટ ઈન્કાર કરે છે. જેથી, વાદીનો દાવો ચાલવાને પાત્ર ના હોય રદ્દ થવાને પાત્ર છે.

(૨.૨) વાદીનાં દાવા પેરાગ્રાફ નં.(૧.૧) માં જણાવેલી હકીકતો ખરી નથી તથા કબુલ મંજુર નથી. કારણ કે, સદર હકીકતો વાદીએ લેખિત તથા મૌખિક પુરાવાથી સાબિત કરવી જોઇએ, તે થઇ શકે નહીં. વાદીનાં દાવા પેરાગ્રાફ નં.(૧.૨)માં જણાવેલી હકીકતો ખરી નથી તથા કબુલ મંજુર નથી. કારણ કે, આ કામના પ્રતિવાદી, વાદી બેન્કની શાખાના કાર્યક્ષેત્રમાં આવતા હોવાની હકીકત વાદી બેન્કના વખતના નિયમો મુજબ પ્રતિવાદીએ વાદી બેન્ક પાસેથી ખેતી વિષયક કે.સી.સી. ધિરાણની તા.૧૧/૦૫/૨૦૧૮ ના રોજ અરજી કરતાં, હોવાની હકીકત તેમજ તેમની ખેતી વિષયક મર્યાદા નક્કી કરેલ હોવાની હકીકતો ખરી નથી તથા કબૂલ મંજુર નથી. પ્રતિવાદીને રકમ રૂા.2,63,400/- સુધીનાં મર્યાદાનું ધિરાણ વાર્ષિક સેંકડે 11.40% વ્યાજે આપવામાં આવેલ હોવાની હકીકત ખરી નથી તથા કબુલ મંજુર નથી. વાદી બેન્ક તરફથી પ્રતિવાદીને પાંચ વર્ષના સમયગાળા માટે બેન્કના નિયમોને આધીન પ્રથમ વર્ષ માટે રૂા.1,79,900/- અંગેની હકીકત ખરી નથી તથા કબૂલ મંજુર નથી, બીજા વર્ષ માટે રૂા.1,97,900/-, ત્રીજા વર્ષ માટે રૂા.2,17,700/-, ચોથા વર્ષ માટે રૂા.2.39,400/-, પાંચમાં વર્ષ માટે રૂા.2,63,400/- ની લીમીટ મંજુર કરવામાં આવેલ હોવાની હકીકતો ખરી નથી તથા કબૂલ મંજુર નથી. કારણ કે, સદરહુ ઉપરોક્ત જણાવેલી મંજૂરી મેળવવા અંગેની હકીકતો વાદીએ લેખિત પુરાવાથી તથા મૌખિક પુરાવાથી સાબિત કરવી જોઇએ. સદરહુ ધિરાણ જો પ્રતિવાદી પ્રથમ વર્ષથી નિયમિત રીતે વ્યાજ સહિતની રકમ પરત ભરી આપે તો ઉપરોક્ત વિગતે આગળના વર્ષ માટે 10% જેટલી વધુ રકમની લીમીટ થાય, હોવાની હકીકતો ખરી નથી તથા કબૂલ મંજુર નથી. તે રીતે પાંચમા વર્ષે

રૂા.2,63,400/– સુધીની લીમીટનું ધિરાણ સમયમર્યાદામાં પરત ભરપાઇ કરવાની શરતે મંજુર કરવામાં આવેલ હોવાની હકીકતો ખરી નથી તથા કબૂલ મંજુર નથી. કારણ કે, સમયમર્યાદામાં પરત ભરપાઇ કરવાની શરતે મંજુર કરવામાં આવેલો પરિપત્ર લેખિત મૌખિક પુરાવાથી વાદીએ સાબિત કરવો જોઇએ. તેથી વાદીએ આવો કોઇ મંજૂરી અંગેનો પરિપત્ર લેખિત પુરાવાથી રજુ કરેલ નથી તેથી વાદીનો દાવો રદ્દ થવાને પાત્ર છે.

(૨.૩) વાદીનાં દાવા પેરાગ્રાફ નં.(૧.૩) માં જણાવેલી હકીકતો ખરી નથી તથા કબુલ મંજુર નથી. પ્રતિવાદીએ પોતાની સ્વમાલીકીની ખેતીની જમીન ઉપર બોજા નોંધ માટે તા.૧૦/૦૫/૨૦૧૮ ના રોજ હાઇપોથીકેશન કરાર કરી આપેલ હોવાની હકીકત ખરી નથી તથા કબુલ મંજુર નથી. કારણ કે, સદર કરારમાં પ્રતિવાદીએ કોઇ અંગૂઠો મારેલ નથી, કરારમાં અંગૂઠો કોણે મારેલો છે તે બાંધવામાં આવેલ નથી, અંગૂઠો કોણે વ્યક્તિએ કરેલ છે તેનું નામ કે દસ્તખત કરારમાં કરવામાં આવેલ નથી. તેથી વાદી સદર લેખિત તથા મૌખિક પુરાવાથી સાબિત કરવું જરૂરી છે, તે સાબિત થઇ શકે તેમ નથી, તે કરારમાં કોણ વ્યક્તિએ અંગૂઠો મારેલ છે તે ધ્યાને લેવા નમ્ર અરજ છે. તેમજ સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકાના વેળાવદર ગામે આવેલ ખેડ ખાતા નં.628 ની ખેતીની જમીન સર્વે નં.1115, 1136 કુલ ક્ષેત્રફળ હેક્ટર 2–56–31 વાળી મિલ્કત ઉપર વાદી બેન્કનો બોજો નોંધાવી ચાર્જ ઉભો કરી આપેલ હોવાની હકીકત ખરી નથી તથા કબુલ મંજુર નથી. તેમજ પ્રતિવાદીએ બેંકની તરફેણમાં જરૂરી દસ્તાવેજો કરી આપેલ હોવાની હકીકત ખરી નથી તથા કબુલ મંજુર નથી. સદરહુ તમામ દસ્તાવેજોનું ગુજરાતીમાં ભાષાંતર પ્રતિવાદીને સમજાવવામાં આવેલ નથી તેમજ પ્રતિવાદીએ દસ્તાવેજમાં તેમના અંગૂઠાનું નિશાન કરી આપેલ હોવાની હકીકત તેમજ ઓળખાવેલ હોવાની હકીકત ખરી નથી તેમજ કબુલ મંજુર નથી. કારણ કે, પ્રતિવાદીએ હાઇપોથીકેશન કરારમાં ક્યાંય અંગૂઠો મારેલ નથી, તેમજ ઓળખાવેલ નથી. તેથી વાદીએ સદર

હકીકતો મૌખિક તેમજ લેખિત પુરાવાથી સાબિત કરી શકે તેમ ન હોવાથી વાદીનો દાવો રદ્દ કરવા નમ્ર અરજ છે.

(૨.૪) વાદીનાં દાવા પેરાગ્રાફ નં.(૧.૪) માં જણાવેલી હકીકતો ખરી નથી તથા કબુલ મંજુર નથી. કારણ કે, પ્રતિવાદીએ લીધેલ લોનનો ખાતા નં.56306031493 હોવાની હકીકત કાંઈ જાણતા નથી. તેમજ બેંક તરફથી પ્રતિવાદીનું લોન ખાતું કોમ્પ્યુટર એકાઉન્ટમાં નિભાવવામાં આવેલ હોવાનું કાંઇ જાણતા નથી તેમજ પ્રતિવાદીએ મંજુર થયેલ પાંચમા વર્ષ માટેની લોનની રકમ પૈકીની રકમ રૂા.1,79,000/- નો તા.૧૧/૦૫/૨૦૧૮ ના રોજ વ્યવસ્થાપત્રમાં જણાવ્યા મુજબ વાર્ષિક સેંકડે 11.40% વ્યાજે ઉપાડ કરેલ હોવાની હકીકત ખરી નથી તથા કબુલ મંજુર નથી. તેમજ ધિરાણ અનુસંધાને લોનીએ તા.૦૫/૦૫/૨૦૨૧ ના રોજ રિવાઇવલ લેટર કરી આપેલ હોવાની હકીકત ખરી નથી તથા કબૂલ મંજુર નથી. કારણ કે, સદર ઉપરોક્ત હકીકતો વાદીએ મૌખિક તથા લેખિત પુરાવાથી સાબિત કરી શકે તેમ નથી, તેથી વાદીનો દાવો રદ્દ થવાને પાત્ર છે.

(૨.૫) વાદીનાં દાવા પેરાગ્રાફ નં.(૧.૫) માં જણાવેલી હકીકતો ખરી નથી તથા કબુલ મંજુર નથી. વાદીએ સમયમર્યાદામાં બેંકની બાકી રકમ ચૂકવી આપેલ નહીં હોવાથી લોન ખાતું તા.૩૧/૦૫/૨૦૨૧ ના રોજ એન.પી.એ. થયેલ હોવાની હકીકત ખરી નથી તથા કબુલ મંજુર નથી. આમ, પ્રતિવાદી ડિફોલ્ટર થયેલ નથી, તેમજ બેંક તરફથી પ્રતિવાદીનાં લોન ખાતે વ્યાજની રકમ રૂા.69,046/- તથા દંડનીય વ્યાજની રકમ રૂા.4,249/- જમા આપવામાં આવેલ હોવાની હકીકતો ખરી નથી તથા કબુલ મંજુર નથી પરંતુ ખરેખર પ્રતિવાદીએ આવી રકમ બેંકમાં જમા કરાવેલ નથી હોવાની હકીકત ખરી નથી તથા કબુલ મંજુર નથી. કારણ કે, સદર હકીકતો પ્રતિવાદીને વાદી બેન્ક તરફથી જાણ કરવામાં આવેલ નથી તેમજ પ્રતિવાદી સદર કાંઇ જાણતા નથી, તેમજ પ્રતિવાદીને તા.૦૯/૦૮/૨૦૨૧ ના રોજ બેંકના વકીલશ્રીએ નોટીસ આપેલ હોવાની હકીકત ખરી નથી તેમજ કબુલ મંજુર નથી. કારણ કે,

સદર નોટીસ પ્રતિવાદીને મળેલ નથી. તેમજ નોટીસની હકીકતો અંગે પ્રતિવાદી કાંઇ જાણતા નથી. સદરહુ પ્રતિવાદીને નોટીસ બજેલ નથી, તેમજ નોટીસ બજી ન હોય તો નોટીસનો કોઇ જવાબ આપવાનો પ્રશ્ન રહેતો નથી, તેથી વાદી બેન્કના વકીલશ્રીએ નોટીસ આપેલ હોવાની હકીકત તેમજ સદરહુ નોટીસ બજ્યા હોવા છતાં નોટીસનો કોઇ જવાબ આપેલ નહીં હોવાની હકીકત ખરી નથી તથા કબુલ નથી. તેમજ પ્રતિવાદીએ બેંકની બાકી લેણી રકમ વસુલ આપેલ નથી હોવાની હકીકત ખરી નથી તથા કબૂલ મંજુર નથી. કારણ કે, સદર ઉપરોક્ત જણાવેલી હકીકતો વાદીએ મૌખિક તેમજ લેખિત પુરાવાથી પુરવાર કરવી જોઇએ. વાદી બેન્કની તા.૨૭/૦૪/૨૦૨૩ સુધીની મુદ્દલ રકમ રૂા.1,70,406/- તથા વ્યાજ દંડનીય વ્યાજ અન્ય ચાર્જીસ રકમ રૂા.1,12,113/- મળીને કુલ રૂા.2,82,519/- આ કામના પ્રતિવાદી પાસે બાકી લેણી હોવાની હકીકત ખરી નથી તથા કબૂલ મંજુર નથી. તેમજ તા.૨૮/૦૪/૨૦૨૩ થી ચડત વ્યાજની રકમ પણ બાકી રહેતી હોવાની હકીકત ખરી નથી તથા કબુલ નથી અને વાદી બેન્કની કાયદેસરની બાકી રકમ વસુલ મેળવવા સારૂ હાલનો દાવો લાવેલ હોવાની હકીકત ખરી નથી તથા કબુલ મંજુર નથી. કારણ કે સદર હકીકતો વાદીએ લેખિત પુરાવાથી તથા મૌખિક પુરાવાથી સાબિત કરવી જોઇએ તે સાબિત થઇ શકે તેમ નહીં હોવાથી વાદીનો દાવો ખર્ચ સહિત રદ્દ કરવા નમ્ર અરજ છે.

(૨.૬) વાદીનાં દાવા પેરાગ્રાફ નં.(૧.૬) માં જણાવેલી હકીકતો ખરી નથી તથા કબુલ મંજુર નથી. વાદીનું પ્રતિવાદી પાસે કાયદેસરનું લેણું હોવાની હકીકત પ્રતિવાદી પાસેના બાકી નાણાં તે જાહેર નાણાં હોવાની હકીકત વાદીએ લેખિત તથા મૌખિક પુરાવાથી સાબિત કરવી જોઇએ. પ્રતિવાદી પાસે લોનની વ્યાજ સહિતની રકમ સમય મર્યાદામાં પરત ભરપાઇ કરવામાં નિષ્ફળ ગયેલ હોવાની હકીકત ડિફોલ્ટર બનેલ હોવાની હકીકત ખરી નથી તથા કબુલ નથી. તેથી કાયદા અને કરાર તેમજ વાદી બેન્કને લાગુ પડતા રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાના વખતો

વખતના નિયમો મુજબ હોવાની હકીકત વાદીએ મૌખિક તથા લેખિત પુરાવાથી સાબિત કરી શકે તેમ નથી તેમજ અમો પ્રતિવાદીની કસૂરના કારણે લોન ખાતું અનિયમિત થયેલ હોવાની હકીકત તથા વાદી બેન્ક પ્રતિવાદી પાસેથી લોનની રકમ ઉપર એગ્રીમેન્ટ મુજબ વાર્ષિક સેંકડે 11.40% વ્યાજ તથા તેના પર 2% દંડનીય વ્યાજ અન્ય ચાર્જ વસૂલ મેળવવા માટે હક્કદાર નથી. તેમજ પ્રતિવાદી આવી તમામ રકમ વસુલ આપવા માટે જવાબદાર નથી. કારણ કે, સદર ઉપરોક્ત જણાવેલી હકીકતો વાદીએ લેખિત પુરાવાથી સાબિત કરવી જોઇએ પરંતુ, વાદી બેન્ક ઉપરોક્ત જણાવેલી હકીકતો અંગેનો કોઇ લેખિત આધાર પુરાવો રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાના નિયમો વાર્ષિક સેંકડે 11.40% વ્યાજ તથા તેના પર 2% દંડની વ્યાજ તથા અન્ય ચાર્જ વગેરે કોઇ લેખિત આધાર પુરાવો વાદીએ દાવામાં રજૂ કરેલ નથી. તેથી વાદીનો દાવો ચાલવાને પાત્ર નથી, તેથી વાદીનો દાવો ખર્ચ સહિત રદ કરવા નમ્ર અરજ છે.

(૨.૭) લીમીટેશન (સમયમર્યાદા):- વાદીનાં દાવા પેરાગ્રાફ નં. (૧.૭) માં જણાવેલી લીમીટેશન માટેની તમામ હકીકતો ખરી નથી તથા કબુલ મંજુર નથી. કારણ કે, પ્રતિવાદીએ તા.૧૧/૦૫/૨૦૧૮ ના રોજ ધિરાણ મેળવેલ હોવાની હકીકત ખરી નથી તથા કબુલ નથી. પ્રતિવાદીએ ધિરાણ અનુસંધાને તા.૦૫/૦૫/૨૦૨૧ ના રોજ રિવાઇવલ લેટર કરી આપેલ હોવાની હકીકત તેમજ વાદી બેંકનું લેણું નિયમિત કરી આપેલ હોવાની હકીકત ખરી નથી તથા કબૂલ મંજુર નથી. આમ વાદી બેન્કનું લેણું નિયમિત કન્ટીન્યુ હોવાની હકીકત ખરી નથી તથા કબૂલ નથી કારણ કે, સદર હકીકત પ્રતિવાદી કાંઇ જાણતા નથી. તેમજ વાદી બેન્કે પ્રતિવાદીને સદર હકીકત અંગે કાંઇ જાણ કરેલ નથી. તેમજ વાદી બેન્ક તરફથી પ્રતિવાદી સામે લાવવામાં આવેલ હાલનો દાવો લીમીટેશન એક્ટની આર્ટિકલ 19 ની જોગવાઇ મુજબ છેલ્લા લોન વ્યવહારની તા.૦૫/૦૫/૨૦૨૧ થી ત્રણ વર્ષ સુધીમાં પ્રતિવાદી પાસેથી લેણી રકમ વસુલ મેળવવા હક્કદાર નથી તેમજ

વાદીનો દાવો સમય મર્યાદામાં યાને મુદતમાં નથી. કારણ કે, વાદી બેન્કે પ્રતિવાદી સામે હાઈપોથિકેશન કરાર તા.૧૧/૦૫/૨૦૧૮ ના રોજ વાદીના કહેવા મુજબ કરેલો હોય તો કરારની તા.૧૧/૦૫/૨૦૧૮ થી ત્રણ વર્ષ લીમીટિશન એક્ટની આર્ટિકલ 19 ની જોગવાઈ મુજબ એક્ટની કલમ–૩ મુજબ લાગુ પડતી નથી પરંતુ લીમીટિશન ગણતરી કરીએ તો ત્રણ વર્ષ તા.૧૧/૦૫/૨૦૧૮ થી તા.૧૦/૦૫/૨૦૨૧ સુધીમાં વાદી બેન્કે દાવો દાખલ કરવો જોઈતો હતો પરંતુ વાદી બન્કે તા.૧૦/૦૫/૨૦૨૧ સુધીમાં લીમીટિશન એક્ટની કલમ ૩ મુજબ દાવો દાખલ કરેલ નથી પરંતુ વાદી બેન્કે પ્રતિવાદી સામે સમન્સ બજવણીની તારીખ તથા દાવા અરજીની તારીખ જોતાં તારીખ /5/2023 માં દાવો દાખલ કરેલ છે. તેથી લીમીટિશન એક્ટ મુજબ બે વર્ષ મોડો દાવો દાખલ કરેલ છે. તેથી દાવો બે વર્ષ મોડો દાખલ કરેલ હોવાથી વાદીનાં દાવાને સ્પષ્ટ સમયમર્યાદાનો બાધ જણાય છે. તેથી વાદીનો દાવો સમયમર્યાદા બહારનો દાખલ કરેલ હોવાથી, વાદીનો દાવો ચાલવાને પાત્ર ના હોય, વાદીનો દાવો ખર્ચ સહિત રદ કરવા નમ્ર અરજ છે.

(૨.૮) વાદીનાં દાવા પેરાગ્રાફ નં.(૧.૮) માં દાવાના કારણ અંગે જણાવેલી તમામ હકીકતો ખરી નથી તથા કબુલ મંજુર નથી. કારણ કે, દાવાનું કારણ પ્રતિવાદીએ બેન્ક પાસેથી ધિરાણ મેળવવા સારું તા.૧૧/૦૫/૨૦૧૮ ના રોજ અરજી પત્રક રજુ કરેલો હોવાની હકીકત, લોન મેળવતા સમયે જરૂરી દસ્તાવેજો બેંકની તરફેણમાં કરી આપેલ ત્યારે હોવાની હકીકત ખરી નથી તથા કબુલ મંજુર નથી. પ્રતિવાદીએ ધિરાણ અનુસંધાને લોનીએ તા.૦૫/૦૫/૨૦૨૧ ના રોજ રિવાઈવલ લેટર કરી આપેલ ત્યારે હોવાની હકીકત ખરી નથી તથા કબુલ મંજુર નથી. પ્રતિવાદીને તા.૦૯/૦૮/૨૦૨૧ ના રોજ બેંકના વકીલશ્રી મારફતે નોટીસ આપેલ ત્યારે ઉત્પન્ન થયેલ હોવાની હકીકત ખરી નથી તથા કબુલ નથી તેમજ દાવાનું કારણ હાલમાં પણ ચાલુ હોવાની હકીકત ખરી નથી તથા કબુલ મંજુર નથી. કારણ કે સદર ઉપરોક્ત

જણાવેલી હકીકતો વાદી બેન્કે મૌખિક તેમજ લેખિત પુરાવાથી સાબિત કરવી જોઇએ, તે સાબિત કરી શકે તેમ નથી. તેથી વાદીનો દાવો ચાલવાને પાત્ર ના હોય વાદીનો દાવો ખર્ચ સહિત રદ કરવા નમ્ર અરજ છે.

(૨.૯) વાદીનાં દાવા પેરાગ્રાફ નં.(૧.૯) માં હકુમત અંગેની જણાવેલી હકીકતો ખરી નથી તથા કબુલ મંજુર નથી. કારણ કે, દાવામાં જણાવેલ લોનનો વ્યવહાર વાદી બેન્ક અને પ્રતિવાદી વચ્ચે વાદી બેન્કની શાખામાં ખોડુ, તાલુકો-વઢવાણ મધ્યે નામદાર વઢવાણ કોર્ટની હકુમતમાં થયેલ હોય તો નામદાર વઢવાણ કોર્ટની હકુમત લાગુ પડે પરંતુ, સુરેન્દ્રનગર નામદાર કોર્ટની હકુમત લાગુ પડતી નથી. તેથી વાદીનો દાવો સુરેન્દ્રનગરની હુકુમત લાગુ પડતી નહીં હોવાથી ચાલવાને પાત્ર નથી. તેમજ વાદી બેન્કની શાખા તથા પ્રતીવાદી નામદાર વઢવાણ કોર્ટની હકુમતમાં વઢવાણ તાલુકાના વેળાવદર ગામ મુકામે આવેલ / રહેતા હોય સ્પષ્ટ વઢવાણ કોર્ટની હકુમત લાગુ પડે છે. તેમજ નામદાર ગુજરાત હાઇકોર્ટના નાણાંકીય મર્યાદાના નોટિફિકેશન નં.સી-202/92 તા.૧૬/૦૯/૨૦૧૯ મુજબ આ દાવાની રકમ રૂા.25,00,000/- થી ઓછી છે તેથી આપ નામદાર સાહેબશ્રીની સુરેન્દ્રનગર કોર્ટની હુકુમત લાગુ પડતી નહીં હોવાથી વાદીનો દાવો જ ચલાવવા સાંભળવા તથા ન્યાય નિર્ણીત કરવા આપ નામદાર સુરેન્દ્રનગર કોર્ટને સત્તા અને નાણાંકીય અને સ્થાનિક હકુમત રહેતી નથી, પરંતુ વઢવાણ નામદાર કોર્ટને દાવાની રકમ રૂા.25,00,000/-સુધીનો દાવો ચલાવવાની સાંભળવાની સત્તા તથા હકુમત રહેતી હોય, તેમજ પ્રતિવાદી વઢવાણ મધ્યે વઢવાણ તાલુકાના વેળાવદર મુકામે રહેતા હોય, વઢવાણ નામદાર કોર્ટને હકુમત લાગુ પડતી હોવાથી, વઢવાણ નામદાર કોર્ટમાં સદર દાવો દાખલ કરેલ નહીં હોવાથી, અત્રેની સુરેન્દ્રનગર નામદાર કોર્ટમાં સદર દાવો ચલાવવાની તથા સાંભળવાની સત્તા તથા હકુમત રહેતી નહીં હોવાથી, વાદીનો દાવો ચાલવાને પાત્ર નથી તેથી વાદીનો દાવો ખર્ચ સહિત રદ કરવા નમ્ર

અરજ છે.

(૨.૧૦) દાવાનો આંક તથા કોર્ટ ફી :–વાદીનાં દાવા પેરાગ્રાફ નં. (૧.૧૦) માં જણાવેલી હકીકતો ખરી નથી તથા કબુલ મંજુર નથી. કારણ કે, વાદીએ દાવાની રકમ રૂા.2,82,519/– વસુલ મેળવવા માટેનો દાવાનો આંક બાંધી ગુજરાત કોર્ટ ફી એક્ટ –2004 ના શિડયુલ–એ મુજબ દાવાની રકમ અન્વયે દાવો દાખલ માટે થતી કોર્ટ ફીની રકમ શિડયુલ–એ મુજબ કોર્ટ ફીની રકમ રૂા.9,750/– નો જ્યુડીશ્યલ કોર્ટ ફી સ્ટેમ્પ ભરેલો હોવાથી અપુરતો સ્ટેમ્પ ભરેલ છે. કારણ કે, સદર દાવાની રકમ રૂા.2,00,000/– બે લાખથી વધુ તથા રૂા.3,00,000/– ત્રણ લાખ સુધીની કોર્ટ ફીની રકમ રૂા.9,750 થતી જ નથી. પરંતુ કોર્ટ ફી સ્ટેમ્પની રકમ રૂા.9,950/– ભરવાની થાય છે, તે વાદી બેન્કે સદર પૂરતી કોર્ટ ફી સ્ટેમ્પની રકમ રૂા.9950/– નો જ્યુડીશ્યલ કોર્ટ ફી સ્ટેમ્પ રજુ રાખેલ નથી. તેથી વાદી બેન્કે કોર્ટ ફી સ્ટેમ્પ અપૂરતો રાખેલ હોવાથી વાદીનો દાવો ચાલવાને પાત્ર નથી. તેથી વાદીનો દાવો ન્યાયના હિતમાં રદ કરવા નમ્ર અરજ છે.

(૨.૧૧) વાદીનાં દાવા પેરાગ્રાફ નં.(૧.૧૧) માં જણાવેલી હકીકતો ખરી નથી તથા કબુલ મંજુર નથી. કારણ કે, વાદી બેન્કે સદર હકીકતો મૌખિક તેમજ લેખિત પુરાવાથી સાબિત કરવી જોઇએ તેથી વાદીનો દાવો ચાલવાને પાત્ર નથી તેથી વાદીનો દાવો રદ્દ થવાને પાત્ર છે . વાદીનાં દાવા પેરાગ્રાફ નં.(૧.૧૨) માં જણાવેલી હકીકતો ખરી નથી તથા કબુલ મંજુર નથી. કારણ કે સદર પેરા.નં.(૧.૧૨) ની હકીકતો વાદી બેન્કે મૌખિક તથા લેખિત પુરાવાથી સાબિત કરવાની જવાબદારી છે તેથી તે સાબિત થઇ શકે તેમ નથી તેથી વાદીનો દાવો ચાલવાને પાત્ર નથી તેથી વાદીનો દાવો ખર્ચ સહિત રદ કરવા નમ્ર અરજ છે . વાદીનાં દાવા પેરાગ્રાફ નં.(૧.૧૩) માં જણાવેલી હકીકતો ખરી નથી તથા કબુલ મંજુર નથી. કારણ કે, વાદીનાં દાવાને લીમીટેશન એક્ટની કલમ–3 મુજબ સ્પષ્ટ મુદતનો બાધ લાગે છે તેથી વાદીનો દાવો લીમીટેશન બહારનો હોય ચાલવાને પાત્ર નથી. તેમજ વાદી બેન્કે કોર્ટ

ફી સ્ટેમ્પ રૂા.૧,950/– ભરવી જોઇએ તેટલી પૂરતી કોર્ટ ફી સ્ટેમ્પ રજુ કરેલ નહીં હોવાથી વાદીનો દાવો ચાલવાને પાત્ર નથી. તેમજ વાદી બેન્કનો દાવો ચલાવવાની સત્તા તથા હકુમત વઢવાણ નામદાર કોર્ટને લાગુ પડતી હોવાથી નામદાર સુરેન્દ્રનગર કોર્ટને સદર દાવો ચલાવવાની તથા સાંભળવાની સત્તા તથા હકુમત લાગુ પડતી નહીં હોવાથી વાદીનો દાવો ચાલવાને પાત્ર નથી. તેથી વાદી બેન્ક પ્રતિવાદી પાસે ખેતી વિષય કિસાન ક્રેડિટ કાર્ડ(કે.સી.સી.) પાક ધિરાણ લોનની તા.૨૭/૦૪/૨૦૨૩ સુધીની બાકી લેણી રહેતી કુલ રકમ રૂા.2,82,519/– વસુલ મેળવવા હક્કદાર નથી તેમજ ત્યારબાદની કન્ટીન્યુ ચડતથી વ્યાજ સહિતની તમામ રકમ વસુલ થતા સુધી વાર્ષિક સેંકડે 13.40% ના ચડત તથા દંડનીય વ્યાજ સાથે પ્રતિવાદીની હરેક પ્રકારની જાત તથા જંગમ સ્થાવર મિલ્કતોથી વસુલ કરી શકાય તેવું હુકમનામું વાદી બેન્કના લાભમાં તથા પ્રતિવાદીની વિરુદ્ધ હુકમનામું તથા જજમેન્ટ મેળવવા કાયદા મુજબ હક્કદાર નથી. કારણ કે, રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાની કાનૂની જોગવાઇ મુજબ વાર્ષિક સેંકડે 13.40% ના ચડત તથા દંડનીય વ્યાજ અંગેની કાનૂની જોગવાઇ કરવામાં આવેલ જ નથી તેથી વાદી બેન્ક આ દાવો અવાન્તર હેતુથી મલિન ઇરાદાથી સત્ય વિગતો છુપાવીને ખોટી વિગતોથી દાવો લાવેલ હોય, સદર વાદી બેંકનો દાવો ચાલવાને પાત્ર નથી. તેથી વાદીનો દાવો ખર્ચ સહિત ન્યાયના હિતમાં રદ કરવા નમ્ર અરજ છે.

(૨.૧૨) સબબ પ્રતિવાદી તરફે માનસર નમ્ર અરજથી દાદ માંગવાની છે કે :– સદરહુ પ્રતિવાદી તરફે દાવા જવાબમાં જણાવેલી તમામ હકીકતો ધ્યાને લઇને વાદી બેન્કને લીમીટેશન એક્ટની કલમ 3 મુજબ કરારની તારીખથી દાવો દાખલ કર્યાની તારીખ પછી બે વર્ષ મોડો દાવો દાખલ કર્યાનો સ્પષ્ટ મુદતનો બાધ લાગતો હોય તેમજ વાદી બેન્કે કોર્ટ ફી સ્ટેમ્પ અપૂરતી રજુ કરી હોય તેમજ હકુમતનો પણ બાદ નડતો હોય વાદીનો દાવો તદ્દન ખોટો, બનાવટી હોય તેમજ લીમીટેશન એક્ટની કલમ 3 મુજબ ત્રણ વર્ષમાં દાવો દાખલ કરેલો ના હોય, તેમજ રિઝર્વ

બેન્ક ઓફ ઇન્ડિયાના નક્કી કરેલ વ્યાજના દર કરતા 13.40% ચડત દંડનીય વ્યાજ મેળવવાની કોઈ કાનૂની જોગવાઇ ન હોય, વાદી બેન્ક વાર્ષિક સેંકડે 13.40% વ્યાજ તથા દંડનીય વ્યાજ મેળવવા હક્કદાર ના હોય વાદીનો દાવો સંપૂર્ણપણે ખર્ચ સહિત રદ કરવાનો ન્યાયના હિતમાં હુકમ કરવા તથા પ્રતિવાદીને વાદી બેન્કના ખોટા દાવા સામે દાવા જવાબ રજુ કરવો પડેલો હોય તે જવાબના તથા કેસ લડવા માટે જે ન્યાયીક ખર્ચ થયો હોય તે ન્યાયિક ખર્ચ અલગથી રૂા.25,000/- વાદી બેન્ક પાસેથી વસુલ અપાવવાનો પ્રતિવાદીનાં લાભમાં ઠરાવ/હુકમ તથા હુકમનામું કરી આપવા માનસર ન્યાયના હિતમાં હુકમ કરવા તથા વાદીનો દાવો નામંજુર કરવાનો હુકમ કરવા નમ્ર અરજ છે. સમન્યાય તથા ઇક્વિટીના ધોરણે જે બીજી કાંઇ આનુષંગિક દાદ અપાવી શકાય તેમ હોય તે આનુષંગિક દાદ અપાવવા નમ્ર અરજ છે.

(૩) <u>મુદાઓ :-</u>

સદર દાવાના કામે અમારા પુર્વગામી ન્યાયધીસ દવારા **આંક-૧૩** મુદાઓ ઘડવામા આવેલ છે જે નીચે મુજબ છે.

(૧) શું વાદી સાબીત કરે છે કે, આ કામના પ્રતિવાદીએ વાદી બેન્કમાં થી દાવા અરજીની વિગતો મુજબ લોન મેળવેલ હતી?

(૨) શું વાદી બેન્ક પુરવાર કરે છે કે તે આ કામના પ્રતિવાદી પાસે ખેતી વિષયક (કે.સી.સી) પાક ધીરાણ લોનની બાકી રહેતી રકમ રૂ.૨,૮૨,૫૧૯/- (અંકે રૂપિયા બે લાખ બ્યાસી હજાર પાંચસોને ઓગણીસ પૈસા પુરા) મેળવવા હકદાર છે?

(૩) શું વાદીનો દાવો સમય મર્યાદામાં છે?

(૪) શું વાદી વ્યાજ મેળવા હકદાર છે? જો હા તો શું વ્યાજ દર?

(૫) શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકદાર છે?

(૬) શું હુકમ? શું હુકમનામું ?

(૪) મુદાઓનો જવાબ :–

(૧) હકારમાં,

(૨) હકારમાં,

(૩) હકારમાં,

(૪) હકારમાં તથા આખરી હુકમ મુજબ

(૫) હકારમાં,

(૬) આખરી હુકમ મુજબ.

(૫) પક્ષકારો તરફથી રજુ કરાયેલ પુરાવા :–

(૫.૧) વાદી તરફથી રજુ કરાયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ નીચે મુજબ છે.

–:: મૌખિક પુરાવાઓ ::–

અનુ.નં.	આંક	સાક્ષીની વિગત
૧	૧૪	સાહેદ જયંત પવારનું પુરાવાનું સોગંદનામુ

–:: દસ્તાવેજી પુરાવાઓ ::–

અનુ.નં.	આંક	દસ્તાવેજની વિગત
૧	૧૯	ધિરાણ માટેનુ અરજીપત્રક
૨	૨૦	વ્યવસ્થાપત્ર
૩	૨૧	સાનગીરોનો કરાર
૪	૨૨	રીવાઇવલ લેટર
૫	૨૩	વકીલશ્રીએ આપેલ રજી. એડી. નોટીસ
૬	૨૪	એકનોલેઝમેન્ટ

૭	૨૫	ગામ નમુના નં–૮/અ
૮	૨૬	ગામ નમુના નં–૭
૯	૨૭	ખાતાનો ઉતારો, કલોઝર, સર્ટીફીકેટ સંયુકત

ત્યારબાદ વાદી વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોય કલોઝીગ પુરસીસ રજુ કરેલ છે.

(૫.૨) પ્રતિવાદી તરફે ફકત મૌખિક પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે જે નીચે મુજબ છે. પરંતુ, પ્રતિવાદીઓ તરફથી કોઈ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ નથી.

–:: મૌખિક પુરાવાઓ ::–

અનુ.નં.	આંક	સાક્ષીની વિગત
૧	૨૯	પ્રતિવાદી ગણેશભાઇ ઠાકરશીભાઇ કણઝરીયાનુ પુરાવાનું સોગંદનામુ

ત્યારબાદ પ્રતિવાદી વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોય **આંક–૩૨** થી કલોઝીગ પુરસીસ રજુ કરેલ છે.

(૬) **પક્ષકારો તરફથી કરાયેલ દલીલ :–**

ત્યારબાદ પક્ષકારોના વિદવાન વકીલશ્રીઓની દલીલો ઉંડાણપુર્વક અને માનપુર્વક સાંભળવામા આવેલ છે. જેમા વાદી તરફે વિ.વ.શ્રી તેમજ પ્રતિવાદીના વિ.વ.શ્રી દ્વારા મૌખિક દલીલ કરવામા આવેલ છે.

(૬.૧) **વાદી તરફે દલીલો :** વાદીના વિ. વ. શ્રી તરફે દલીલ કરવામાં આવેલ છે કે, સદર કામે વાદીએ પોતાનો કેસ પુરવાર કરેલ છે. વાદી તરફે પ્રતિવાદી દ્વારા લોન લેવામાં આવેલ તે અંગેના અસલ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલ છે. પ્રતિવાદીએ કરી આપેલ

હાઈપોથીકેશન અંગેનો અસલ કરાર રજૂ કરવામાં આવેલ છે તેમજ પ્રતિવાદીની મિલકત ચાલી આવેલ હોવાની અને તે મિલકતમાં બેંકનો બોજો ચાલી આવેલ હોવાની હકીકત પુરવાર કરેલ છે. પ્રતિવાદીએ તા. 05/05/2021 ના રોજ રીવાઈવલ લેટર કરી આપેલ છે જેથી સદર દાવાને મુદ્દતનો બાધ નડતો નહતી. ત્યાર બાદ પ્રતિવાદીનો લોન ખાતું એન.પી.એ. કરવામાં આવેલ છે અને વાદી તરફે દાવો કરતા પહેલા પ્રતિવાદીને નોટિસ મોકલવામાં આવેલ છે. પ્રતિવાદીએ એ અભણ હોવાનો બચાવ લીધેલ છે તે પુરવાર કરેલ નથી. તેઓએ તેઓની ઉલટતપાસમાં તેઓના વકીલપત્ર, લેખિત જવાબ અને સોગંદનામામા તેઓના અંગૂઠા હોવા અંગે તેઓને જાણ નથી તેવું જણાવેલ છે. જેથી તેઓનો બચાવ ખોટો હોવાનું માની શકાય એમ છે. જેથી વાદીનો દાવો મંજૂર કરવા અને તેમાં માંગવામાં આવેલ દાદ આપવા અરજ કરેલ છે.

(૬.૨) **<u>પ્રતિવાદી તરફે દલીલ :</u>** સદર દાવાને સમયમર્યાદાનો બાધ નડે છે કારણ કે વાદીના જણાવ્યા મુજબ, પ્રતિવાદીને લોન સને 2018 માં આપવામાં આવેલ અને હાલનો દાવો સને 2023 માં દાખલ કરવામાં આવેલ છે. પ્રતિવાદીએ એવી કોઈ કહેવાતી લોન લીધેલ નથી. વાદી તરફે પુરાવો રજૂ કરનાર અધિકારીએ દાવો દાખલ કરેલ નથી કે લોન આપતા સમયે તેઓ બેંકમાં નોકરી કરતા ન હતા. વાદીના દસ્તાવેજોમાં પ્રતિવાદીનો અંગુઠો હોવા અંગે ક્યાંય બાંધેલ નથી. વાદી તરફે કોઈ રીવાઈવલ લેટર રજૂ નથી. આંક – 23 થી રજૂ નોટીસમાં ફક્ત વકીલની સહી છે વાદી બેંકના કોઈ સહી સિક્કા નથી. આંક – 24 થી રજૂ દસ્તવેજમાં પ્રતિવાદીની સહી નથી તેમજ આંક – 23 ના દસ્તાવેજમાં વ્યાજ અંગે કોઈ હકીકત જણાવેલ નથી તેમજ પ્રતિવાદીએ ક્યારથી હપ્તો ભરેલ નથી તેવી કોઈ હકીકત જણાવેલ નથી. જે તમામ હકીકત ધ્યાને લેતા, વાદીનો દાવો ટકવાપાત્ર ન હોય ભારે કોસ્ટ સાથે રદ્દ કરવા અરજ કરેલ છે.

–:: નિર્ણય અંગેના કારણો ::–

(૭) આ કામે પુરાવાઓનું વિશ્લેષણ અને પૃથક્કરણ કરવામાં આવે તે પહેલા ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૨ ના સાબિતીના ભાર અંગેની કલમ–૧૦૧ જોવામાં આવે તો નીચે મુજબ છે.

Section 101: Burden of Proof

Whoever desires any Court to give judgment as to any legal right or liability dependent on the existence of facts which he asserts, must prove that those facts exist.

When a person is bound to prove the existence of any fact, it is said that the burden of proof lies on that person."

102. On whom burden of proof lies.

The burden of proof in a suit or proceeding lies on that person who would fail if no evidence at all were given on either side.

આમ, ભારતીય પુરાવા અનિધનિનયમ ની કલમ–૧૦૧ તથા ૧૦૨ ધ્યાને લેતા, એ હકીકત સ્પષ્ટ થાય છે કે જો કોઈ પક્ષકાર એમ ઈચ્છતા હોય કે, પોતે પ્રતિપાદિત કરે છે તે હકીકતોના અસ્તિત્વના આધાર પરથી કોઈ ન્યાયાલય કોઈ કાયદેસરના હકક કે જવાબદારી વિશે કોઈ ફેસલો આપે તો તેને તે હકીકત અસ્તિત્વ માં છે તેમ સાબિત કરવું પડે અને તેવી હકીકતો સાબિત કરવાનો બોજો તે વ્યક્તિ ઉપર રહે છે, વધુમાં, ઉપરોક્ત કલમ–૧૦૨ ની જોગવાઈ ઉપરથી એ હકીકત પણ સ્પષ્ટ થાય છે કે, કેસમાં કોઈપણ પક્ષે કશો જ પુરાવો આપવામાં ન આવ્યો હોય તો, જે વ્યક્તિ નિષ્ફળ જાય તેમ હોય, તેના ઉપર દાવા અથવા કાર્યવાહીમાં સાબિતીની બોજો રહે છે. વધુમાં એ હકીકત પણ સ્પષ્ટ થાય છે કે, બે માંથી કોઈ પણ પક્ષે કોઈપણ પુરાવો આપવામાં ન આવે તો, દાવામાં બંને પક્ષકારો તેમના નિવેદન મુજબની હકીકત

સાબિત કરવામાં નિષ્ફળ ગયેલા છે.

આ તબક્કે **Devshi Gangaji Rabadiya Vs. Jayantibhai Jerambhai Sureja & Ors. (2022)** નો ચુકાદો ધ્યાને લેવો જરૂરી છે. જેમાં ભારતીય પુરાવા અનિનિયમની કલમ–૧૦૧ અને ૧૦૨ ની વિગતવાર ચર્ચા કરી પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, જે કોઈ વ્યક્તિ ઈચ્છતી હોય કે પોતે પ્રતિપાદન કરે તે હકીક્ત સાબિત કરવાની જવાબદારી તે વ્યક્તિ ઉપર છે.

29.2 It is also well settled legal dictum that assertion made in the plaint is not a proof and hence the burden lay upon the plaintiff to prove the facts and averments made in its plaint even if there is no written statement filed by the defendants to the contrary averments or any evidence or rebuttal. Even in absence of written statement, it is for the plaintiff to prove its case. The plaintiff cannot succeed merely because there is absence of written statement filed by the defendant or there is no rebuttal evidence produced by the other side.

વધુમાં, જે વ્યક્તિ કોઈ ચોક્કસ હકીકતનો દાવો કરે છે તેણે તેને હકારાત્મક રીતે સ્થાપિત કરવું જરૂરી છે. RVE વેંકટાચલ ગોંડર વી અરુલમિગુ વિશ્વેસરસ્વામી અને વીપી મંદિર અને અન્ય, VI (2003) SLT 307 માં સુપ્રીમ કોર્ટે અવલોકન કર્યું કે સિવિલ કે ફોજદારી કેસ, 'સાબિત', 'અયોગ્ય' અને 'સાબિત નથી', ની તપાસ માટે, ભારતીય પુરાવા અધિનિયમ, 1872 ની કલમ 3 માં વ્યાખ્યાયિત કર્યા મુજબ એક અને સમાન છે. હકીકતને 'સાબિત' કહેવામાં આવે છે જ્યારે, જો તેની સામેની બાબતોને ધ્યાનમાં લેતા, કોર્ટ કાં તો તેને અસ્તિત્વમાં માને છે, અથવા તેના અસ્તિત્વને એટલી સંભવિત માને છે કે એક સમજદાર માણસે, ચોક્કસ કેસના સંજોગોમાં, તેના પર કાર્યવાહી કરવી જોઈએ. અનુમાન કે તે અસ્તિત્વમાં છે. તે એ. રાઘવમ્મા અને અન્ય વી

ચેંચમ્મા અને અન્ય, AIR 1964 SC 136 માં જોવામાં આવ્યું હતું, પુરાવાના બોજ અને પુરાવાની જવાબદારી વચ્ચે આવશ્યક તફાવત છે : પુરાવાનો બોજ એવી વ્યક્તિ પર રહેલો છે જેણે હકીકત સાબિત કરવી હોય અને જે ક્યારેય બદલાતી નથી. પુરાવાના મૂલ્યાંકનમાં આવી જવાબદારીનું સ્થળાંતર એ સતત પ્રક્રિયા છે. રંગમ્મલ વી કુપ્પુસ્વામી અને અન્યોમાં, 2003 ની સિવિલ અપીલ નંબર 562 માં અવલોકન કરવામાં આવ્યું હતું કે પુરાવાનો બોજ તે વ્યક્તિ પર છે જે પ્રથમ હકીકતનો દાવો કરે છે અને જે તે હકીકતને સત્ય હોવાનો ઇનકાર કરે છે તેના પર નહીં. હકીકતને સાચી સાબિત કરવાની પ્રતિવાદીની જવાબદારી ત્યારે જ શરૂ થશે જ્યારે વાદી દ્વારા હકીકતની અધિકૃતતા સાબિત થાય. અનિલ ઋષિ વી ગુરબક્ષ સિંઘ, (2006) 5 SCC 558 માં એવું માનવામાં આવ્યું છે કે હકીકતો સાબિત કરવાનો બોજ એ પક્ષ પર રહે છે કે જેઓ નોંધપાત્ર રીતે હકારાત્મક મુદ્દાઓ પર ભાર મૂકે છે.

(૮) <u>મુદ્દા નં.૧, ૨ અને ૫</u>

(૮.૧) સદર મુદ્દાઓ અંગે બંને પક્ષકારોના પુરાવાઓનું મૂલ્યાંકન કરવામાં આવે તો, વાદી તરફે આંક-૧૯ થી પ્રતિવાદી તરફે વાદી બેંક ને રજૂ કરવામાં આવેલ ધિરાણ માટેનો અસલ ફોર્મ રજૂ કરવામા આવેલ છે તેમજ આંક-૨૦ થી ૨૧ સુધી પ્રતિવાદી દ્વારા વાદી બેંકને કરી આપવામાં આવેલ વ્યવસ્થાપત્ર, સાનગીરો કરાર રજૂ કરવામાં આવેલ છે. સદર દસ્તાવેજોમાં વાદીના જણાવ્યા મુજબ પ્રતિવાદીના અંગૂઠાનું નિશાન હોવાનું જણાઈ આવે છે. સદર દસ્તાવેજો સંબંધી પ્રતિવાદી તરફે એવી તકરાર લેવામાં આવેલ છે કે, સદર દસ્તાવેજોમાં પ્રતિવાદીના અંગૂઠાનો નિશાન નથી જે હકીક્ત પ્રતિવાદીએ તેઓની ઉલટતપાસમાં કબૂલ રાખેલ છે અને જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, હું અંગુઠો મારૂ છું મને સહી કરતા નથી આવડતી. એ વાતની મને ખબર નથી કે અમોએ તા.૧૧/૦૫/૨૦૧૮ ના રોજ લોન લેતી વખતે દસ્તાવેજો ઉપર અંગૂઠા મારી લોન લીધેલી છે. એ વાત ખરી નથી કે,

મને આંક–૧૯,૨૦,૨૧ બતાવવામાં આવેલ છે તેમાં અંગૂઠા જોઈને કહું છું કે તે મારા અંગૂઠા છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મારો અંગૂઠો પડતો નથી.

આમ, હાલના દાવાની હકીકત પુરવાર કરવા અંગે વાદીએ સદર દસ્તાવેજો પુરવાર કરવાના રહે છે. જે અંગે ભારતીય પુરાવા અધિનિયમની કલમ – 101 અને 102 ની જોગવાઈ ધ્યાને લેતા, સદર દસ્તાવેજો વાદી બેંક દ્વારા તેઓની કસ્ટડી માંથી અસલ દસ્તાવેજો રજુ કરવામાં આવેલ છે. જે દસ્તાવેજોની કસ્ટડી અંગે પ્રતિવાદી તરફે કોઈ વાંધાઓ લેવામાં આવેલ નથી. જેથી સદર દસ્તાવેજી પુરાવાઓ બેંકર્સ બુક્સ એવીડન્સ એક્ટની કલમ – 4 મુજબ પુરવાર થયેલાને માની શકાય એમ છે, બેંકર્સ બુક્સ એવીડન્સ એક્ટની કલમ – 4 ની જોગવાઈ નીચે મુજબ છે.

"Mode of proof of entries in banker's books. Subject to the provisions of this act, a certified copy of any entry in a banker's book shall in all legal proceedings be received as prima facie evidence of the existence of such entry, and shall be admitted as evidence of the matters, transactions and accounts therein recorded in every case where, and to the same extent as, the original entry itself is now by law admissible, but not further or otherwise”

વધુમાં, નામદાર સર્વોચ્ચ અદાલતના **Bank of India VS Gowra Muni Singh** ના ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે કે,

Evidence Act (1/1975) Sec. 34, 115 - **Bank loan - proof - bank producing books of account, entries their in corroborated by Branch manager and other bank officials- sufficient proof of loan transaction** - Moreso, when loanee has admitted loan.

જે તમામ હકીક્ત ધ્યાને લેતા, વાદી તરફે રજૂ દસ્તાવેજી પુરાવાઓ સાચા હોવાનું માની શકાય એમ છે અને પ્રતિવાદી તરફે તે અંગે કોઈ ખંડનાત્મક પુરાવાઓ રજુ કરવામાં આવેલ નથી.

(૮.૨) તેમજ પ્રતિવાદી તરફે ઉપરોક્ત જણાવ્યા મુજબ જે વાંધાઓ લેવામાં આવેલ છે તે જોતાં પ્રતિવાદી તરફે ફક્ત અને ફક્ત તમામ દસ્તાવેજોમાં પ્રતિવાદીના અંગૂઠા ન હોવાની તકરાર લેવામાં આવેલ છે જે ધ્યાને લેતા, સદર દસ્તાવેજો અસલ રજૂ કરવામાં આવેલ હોય ત્યારે તે અંગેની તકરાર જે પક્ષકાર દ્વારા લેવામાં આવેલ હોય તે તકરાર પૂરવાર કરવાની જવાબદારી જે તે વાંધો લેનાર પક્ષકારની રહે છે. જે મુજબ પ્રતિવાદી તરફે સદર દસ્તાવેજોમાં તેઓનો અંગૂઠો ન હોવા અંગેની ફક્ત મૌખિક તકરાર લેવામાં આવેલ છે પરંતુ પ્રતિવાદી તરફે એફ.એસ.એલ. માં મોકલી દસ્તાવેજો ઉપરના અંગૂઠાની ખરાઈ કરવા અંગે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. તેમજ સદર પ્રતિવાદી દ્વારા તેઓની ઊલટતપાસમાં તેઓના વકિલપત્ર, તેઓના લેખિત જવાબ અને સોગંદઉપરના પુરાવામાં તેઓના અંગૂઠા છે કે કેમ તે તેઓ જાણતા ન હોવાની હકીકત જણાવેલ છે જે મુજબ પ્રતિવાદી દ્વારા લેવામાં આવેલ બચાવ અંગે પણ શંકા જણાઈ આવે છે. વધુમાં, પ્રતિવાદી તરફે એવો બચાવ લેવામાં આવેલ છે કે, સદર દસ્તાવેજોમાં પ્રતિવાદીનો આંગુઠો ઓળખવામાં આવેલ નથી. પરંતુ સદર દસ્તાવેજો ધ્યાને લેતા, સદર દસ્તાવેજોમાં પ્રતિવાદીના ડાબા હાથના અંગૂઠાનું નિશાન ઓળખી બતાવવામાં આવેલ છે. પરંતુ સદર દસ્તાવેજોમાં પ્રતિવાદીનું નામ, સરનામું, ફોટો મિલકતની વિગત વિગેરે અંગે જે વિગતો લખેલ છે તે અંગે પ્રતિવાદી તરફે કોઈ વાંધો કે તકરાર લેવામાં આવેલ નથી. તેમજ સદર કામે પ્રતિવાદીની સ્થાવર મિલકત અંગે જે આંક–૨૫ અને ૨૬ થી જે દસ્તાવેજો રજૂ કરેલ છે તે દસ્તાવેજો પ્રતિવાદીના ન હોવા અંગેની પણ કોઈ તકરાર લેવામાં આવેલ નથી. તેમજ આંક–૨૭ થી રજૂ બેંક સ્ટેટમેન્ટમાં દર્શાવ્યા મુજબ પ્રતિવાદીએ રકમ ઉપાડેલ હોવાની

હકીકત અંગે પણ કોઈ તકરાર લીધેલ નથી.

(૮.૩) વધુમાં, પ્રતિવાદી તરફે એવી તકરાર લેવામાં આવેલ છે કે, વાદી તરફે આંક–૨૩ થી રજૂ નોટિસ પ્રતિવાદીને બજેલ નથી. પરંતુ પ્રતિવાદી દ્વારા તેઓની ઉલટતપાસમાં એ હકીકત કબૂલ રાખવામાં આવેલ છે કે, ઘનશ્યામભાઈ ગણેશભાઈ મારો નાનો દીકરો છે. મને આંક–૨૪ બતાવવામાં આવે છે જેમાં ઘનશ્યામભાઈ ગણેશભાઈની સહી છે જે મારો દીકરો થાય છે અને તેણે તેમાં સહી કરી છે કે નહિ તેની મને ખબર નથી. સદર હકીકત ધ્યાને લેતા, પ્રતિવાદીએ આંક – 24 લગત તેઓના દીકરાની સહી ઓળખી બતાવેલ છે પરંતુ તે સહી તેઓના દીકરાએ કરેલ ન હોવા અંગે સાક્ષી તરીકે તેઓના દીકરાને તપાસેલ નથી કે તેવા કોઈ મોઢાના શબ્દો સિવાય કોઈ માનવાલાયક પુરાવા રજૂ કરેલ નથી. જેથી દીવાની પ્રક્રિયા સંહિતાની જોગવાઈ મુજબ, ઘરના વ્યક્તિને કાયદેસરની બજવણી કરેલ હોવાની હકીકત પુરવાર થતી હોય, સદર નોટિસ વાદી દ્વારા પ્રતિવાદીને બજવણી ન થયેલ હોવાની તકરાર માની શકાય એમ નથી.

આમ, તમામ હકીકત ધ્યાને લેતા, વાદી તરફે સંજોગોની સંભવિતતા પૂરતી વાદી તરફે એ હકીક્ત પુરવાર કરવામાં આવેલ છે કે, પ્રતિવાદીએ વાદી બેંક પાસેથી લોન લીધેલી અને સદર હકીકતને ખંડનાત્મક, કોજન્ટ, રિલચેબલ અને ટ્રસ્ટવર્ધી કોઈ પુરાવો પ્રતિવાદી તરફે રજૂ કરવામાં આવેલ નથી.

(૮.૪) ઉપરોકત ચર્ચા કર્યા મુજબ , પ્રતિવાદીએ વાદી બેંક પાસેથી લોન લીધેલ હોવાની પ્રાથમિક હકીક્ત પુરવાર કરેલ છે ત્યારે, વાદી તરફે રજૂ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા, આંક–૨૩ થી મોકલવામાં આવેલ નોટીસમાં વાદી બેંક દ્વારા લેણી રકમ રૂ.૨,૪૯,૪૪૦/– તેના ઉપર ચડતાં વ્યાજની રકમ સાથે ચૂકવી આપવા અંગે નોટીસ મોકલવામાં આવેલ અને હાલનો દાવો વાદી તરફે કુલ લેણી રકમ

રૂ.૨,૮૨,૫૧૭/– વસૂલ મેળવવા અંગે દાખલ કરવામાં આવેલ છે. જે અંગે પ્રતિવાદી તરફે તકરાર લેવામાં આવેલ છે કે, વાદી તરફે નોટીસમાં દર્શાવેલ રકમ કરતા વધુ રકમની હાલના દાવામાં માંગણી કરવામાં આવેલ છે. જે અંગે વાદીને તેઓની ઉલટતપાસમાં પ્રશ્નો પૂછતા વાદીએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, અમારી નોટીસમાં જણાવેલ રકમ મુજબ 1,79,900/– થી જે વ્યાજ સહિતની રકમ રૂ. 2,49,440/– લખેલ છે તેવું અમારા સ્ટેટમેન્ટમાં આવી રકમ લખેલ નથી. એ વાત ખરી છે કે, આંક – 23 વાળી નોટિસમાં રૂ. 2,63,400/– રકમનો કોઈ ઉલ્લેખ નથી. અમે આંક – 23 વાળી જે નોટિસ આપેલ છે તેમાં રૂ. 2,49,440/– લખેલ છે તેવું આંક – 27 ના ખાતાના ઉતારામાં, કલોઝર માં લખેલ નથી. સદર તમામ હકીકત અને દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા, વાદી તરફે નોટિસ સને 2021 ના વર્ષમાં આપેલ હોવાની અને લોનની લેણી રકમ ની ગણતરી તા. 07/08/2021 ના રોજ સુધી કરવામાં આવેલ છે અને તે મુજબ રકમની માંગણી કરવામાં આવેલ છે. તેમજ હાલના દાવાની હકીક્ત ધ્યાને લેતા, સદર દાવો સને 2023 માં દાખલ કરવામાં આવેલ છે જેમાં લેણી રકમની ગણતરી તા. 27/04/2023 સુધી કરવામાં આવેલ છે. જે મુજબ સદર રકમમાં ફેરફાર હોવાનું જણાઇ આવે છે. તેમજ વાદી તરફે તેઓની ઉલટતપાસમાં એ હકીકત કબૂલ રાખવામાં આવેલ છે કે, રૂ. 2,49,440/– ની અંદર રૂ. 1,79,900/– મુદ્દલ તથા બાકીની રકમ એ વ્યાજ છે. વધુમાં, પ્રતિવાદી તરફે વાદી બેંકને કોઇ રકમ ચૂકવી આપેલ હોય તેવો પણ પુરાવો રજૂ કરવામાં આવેલ નથી. આમ, તમામ હકીકત ધ્યાને લેતા, પ્રતિવાદી દાવામાં જણાવ્યા મુજબની કુલ રૂ. 2,82,519/– ચૂકવવા જવાબદાર હોવાનું જણાઈ આવે છે અને વાદી દાવામાં માંગ્યા મુજબની દાદ મેળવવવા હકકદાર હોવાનું જણાઈ આવે છે. **જેથી મુદ્દા નંબર–૧,૨ અને ૫ નો જવાબ હકારમાં આપું છું.**

(૯) <u>મુદ્દા નંબર–૩</u>

સદર મુદ્દા અંગે ચર્ચા કરતા, વાદી તરફે રજૂ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા અને વાદીના દાવાની હકીકત ધ્યાને લેતા, વાદી બેંક દ્વારા પ્રતિવાદીને તા.11/05/2018 ના રોજ લોન આપવાની પ્રક્રિયા કરેલ હોવાની હકીકત જણાઈ આવે છે જે ધ્યાને લેતા, વાદી બેંક દ્વારા પ્રતિવાદીને સને 2018 માં લોન અપેલાનું જણાઈ આવે છે. ત્યાર બાદ વાદી તરફે આંક – 22 થી ફરી ચાલુ કરવા અંગેનો પત્ર રજૂ કરવામાં આવેલ છે જેમાં તા. 05/05/2021 ના રોજ પ્રતિવાદીએ તા. 11/05/2018 ના રોજ લીધેલ લોનની રકમ રૂ. 2,63,400/– લેણી લેવા અંગે સમયમર્યાદાની જોગવાઇનો બાધ ન નડે અને પ્રતિવાદી તમામ બાકી રકમ ભરપાઈ કરવા જવાબદાર હોવાનું જણાવેલ છે અને જે લગત પ્રતિવાદીના ડાબા હાથના અંગુઠાનું નિશાન કરવામાં આવેલ છે. જે દસ્તાવેજ ધ્યાને લેતા, પ્રતિવાદીએ રકમ લેણી થયેથી ૩ વર્ષની સમયમર્યાદામાં લખાણ કરી આપેલાનું જણાઈ આવે છે તેમજ ભારતીય સમયમર્યાદા અધિનિયમ ની કલમ – 18 ની જોગવાઈ ધ્યાને લેતા, સમયમર્યાદાની અંદર દેણદાર લેખિતમાં દેવાનો સ્વીકાર કરે ત્યારે સહી કર્યાની તારીખથી નવો સમયગાળો ગણવામાં આવે છે. તેમજ પ્રતિવાદી તરફે આંક – 22 થી રજૂ દસ્તાવેજ અંગે કોઈ તકરાર લેવામાં આવેલ નથી. જે તમામ હકીક્ત ધ્યાને લેતા, વાદીનો દાવો સમયમર્યાદામાં હોવાનું જણાઈ આવે છે, **જેથી મુદ્દા નંબર–૩ નો જવાબ હકારમાં ફરમાવું છું.**

(૧૦) <u>મુદ્દા નંબર–૪</u>

ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ વાદી પ્રતિવાદી પાસેથી દાવામાં જણાવ્યા મુજબની લેણી રકમ વસૂલ મેળવવા હક્કદાર હોવાનું પુરવાર કરેલ છે ત્યારે વાદી લેણી રકમ વ્યાજ સહિત મેળવવા પણ હક્કદાર હોવાનું જણાઇ આવે છે. સદર દાવાના કામે વાદી દ્વારા સદર લેણી રકમ ઉપર વાર્ષિક સેંકડે 11.40 % વ્યાજ તથા તેની ઉપર 2% દંડનીય

વ્યાજ મળી કુલ 13.40 % ના વ્યાજ સહિત ની રકમ વસુલ મેળવવા અંગેની દાદ માંગેલ છે. જે અંગે વાદી તરફે રજૂ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા, આંક – 20 થી રજૂ પક્ષકારો વચ્ચે થયેલ લેટર ઓફ એગ્રીમેન્ટ માં વ્યાજ અંગે સ્પષ્ટપણે દર્શાવવામાં આવેલ છે કે, લોન ઉપર વ્યાજ 11.40% ના દરે આકરવામાં આવશે અને લોન લેનાર દ્વારા ડીફોલ્ટ કર્યાના સંજોગોમાં વાર્ષિક 2% વધારાનો વ્યાજ વસૂલ લેવામાં આવશે. જ્યારે પક્ષકારો વચ્ચે વ્યાજ અંગે કરારમાં નિશ્ચિત કરવામાં આવેલ હોય ત્યારે કરારની શરતો મુજબ વ્યાજની રકમ અદાલતે નિશ્ચિત કરવાની રહે છે. જે હકીકતના સમર્થનમાં નામદાર સર્વોચ્ચ અદાલતના **Syndicate Bank V/s Veeranna and others** ના ચુકાદા ઉપર આધાર રાખું છું, જેમાં ઠરાવવામાં આવેલ છે કે,

"A Banking--Recovery suit- By bank against original defendant No.1 and two guarantors- Both the trial court and the high Court appeal dismissed the recovery suit on basis that the bank late on has charged a higher rate of interest - Now this second appeal by the bank - The whole case gone into- the Trial court as well as the High Court committed an error in not accepting the claim of the appellant to award the interest - The High court was also not justified in holding that the appellant was not entitled to charge higher rate interest without giving notice and charging such interest was in violation of principles of natural justice in as much as rate of interest was enhanced without giving an opportunity to the defendants. The learned counsel for defendant No.1 has admitted that in plaint itself of plaintiff that claimed the contract rate of interest at 11% hence it was not open to the plaintiff to claim higher rate of interest- The rate of interest was enhanced as per the agreement between the parties and

there was no question of taking separate consent from the defendants again- It is not a case of automatically charging the increased rate of interest- The application of principles of natural justice cannot be read into the express terms of contract- Therefore we are not in a position to approve this view of the High court - In the circumstances, in our view , the Trial court as well as the High court were clearly in error in refusing interest as claimed by the plaintiff bank- In other words the plaintiff's suit is decreed for Rs.16,15,091.05 instead of only for Rs.9,82,963,47- These appeal are disposed of accordingly.

Banking - Interest- Bank filed a suit against defendant on enhanced rate of interest- Defendants objection is that the bank not entitled to charge higher rate of interest without prior notice and it is violation of natural justice- The application of principle of natural justice cannot be read into express terms of contract- Charge of higher rate is based on agreement between the parties"

જે તમામ હકીકત ધ્યાને લેતા, પ્રતિવાદી દ્વારા લોનની રકમ ભરપાઈ કરવામાં ડીફોલ્ટ કર્યેથી કુલ વાર્ષિક 13.40 % ના દરે દાવો દાખલ થયેથી વસુલ થતાં સુધી મેળવવા હકદાર હોવાનું જણાઈ આવે છે. **જેથી મુદ્દા નંબર–૪ નો જવાબ હકારમાં ફરમાવું છું અને મુદ્દા નંબર–૭ અન્વયે નિચે મુજબ હુકમ ફરમાવું છું.**

–:: હુકમ ::–

૧. વાદી નો દાવો આથી **મંજૂર** કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામના પ્રતિવાદીએ વાદી બેંકની કાયદેસરની લેણી રકમ

રૂ.૨,૮૨,૫૧૯/- (અંકે બે લાખ બ્યાસી હજાર પાંચસો ઓગણીસ પૂરા) દાવા તારીખથી રકમ વસુલ થતા સુધી વાર્ષિક **૧૩.૪૦%** ના વ્યાજ દરે ચુકવી આપવાનો હુકમ કરવામા આવે છે. તેમજ જો પ્રતિવાદી ઉપરોકત રકમ ચુકવવામા કસુર કરે તો વાદી સંસ્થા આ રકમ પ્રતિવાદીની હરેક પ્રકારની જાત તથા મિલકતથી વસુલ કરી શકશે.

૩. આથી, સ્પષ્ટતા કરવામાં આવે છે કે, આ હુકમમાં કરેલ ચર્ચા મુજબ પ્રતિવાદીએ તેઓના ખાતામાં જે જે રકમ જમા આપેલ હોય તો તે રકમ આ હુકમ અન્વયે વાદીને મળવાપાત્ર રકમની ગણતરીમાંથી યથા પ્રસંગ મુદલ કે વ્યાજ પેટે બાદ (મજરે) મેળવવા પ્રતિવાદી હકકદાર ગણાશે.

૪. વાદી બેંકને થયેલ દાવાનો ખર્ચ પ્રતિવાદીએ ચુકવી આપવો તેમજ પ્રતિવાદીનો પોતાનો ખર્ચ પ્રતિવાદીએ જાતે ભોગવવો.

૫. હુકમ મુજબ હુકમનામું દોરવુ.

આ હુકમ આજરોજ તારીખ : ૦૩, માહે : ઓગસ્ટ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૩/૦૮/૨૦૨૬
સુરેન્દ્રનગર.

(એન.બી.શર્મા)
એડી. સિવિલ જજ અને
જે.એમ.એફ.સી.,
સુરેન્દ્રનગર.
જીજે.૦૧૭૨૮